# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/ ૧૦૪ /૨૦૧૭
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર. તા.૧૮.૧૧.૨૦૧૭

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ તા.૧૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઇ તથા ભારતનાં ચૂંટણીપંચ નવી દિલ્હીના તા.૦૭/૧૦/૨૦૦૮ નાં પત્ર ક્રમાંક ૦૩/૦૭/૨૦૦૮/JS-II થી આપેલ સુચના મુજબ રાજકીય પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની જોગવાઇ કરી અને સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં નીચેની બાબતો અંગે થાય તે માટે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થયા બાદ મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઇ શકે નહિ તે હકિકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓને ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) ચૂંટણીના પ્રચાર માટે આવેલ રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ.

(૩) આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ ઉપર જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઇઓનું રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણીપ્રચારકો વિગેરેએ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઇનો ભંગ કરનાર સામે ઉકત જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તા.૨૦/૧૨/૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને, લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દુરદર્શન દ્વારા કરવાની રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૮ માહે નવેમ્બર સને-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.